# Gujarati Poetry

## મુક્તકો
## [૧૯૫૩ અને ૧૯૬૫ દરમિયાનનાં]

About Myself
Gujarati Haiku
My Hindi poems
Poetry Glossary
Essay on Poetry
My English Poe..
Gujarati Poems ..
Gujarati Poems ..
Gujarati Poems ..
Gujarati Poems ..
Gujarati Muktak..
Gujarati Muktak..
Gujarati Muktak..

================

## શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

================

આંખ અને પ્યાર

---

તારી આંખનો અણસાર
મારા પ્યાર જેવો છે;
મારી આંખનો અણસાર
તારા પ્યાર જેવો છે;
કરી મેં બાદબાકી
પ્યાર ને અણસાર કેરી તો;
વધ્યો જે પ્યાર તે તારી
આંખના અણસાર જેવો છે.

---

ત્યાં પ્રેરણાનાં પાન શાં?
જ્યાં હું જ ખુદ મૃત્યુ હતો,
ત્યાં મોંઘાં જીવનનાં દાન શાં?

---

તારીખ

---

પહેલી અને છેલ્લીમાં
આ એકજ તફાવત છે;
પહેલીમાં લગાવટ છે,
છેલ્લીમાં બગાવત છે.

---

ક્યાંથી?

---

જ્યાં હું જ ખુદ નિષ્પ્રાણ હતો,

અણધાર્યું

---

કવિતા અમારી રહી અધૂરી;

છંદ સહુ છૂટી ગયા;
વાદળો વરસ્યા વિના
છાયાં અને છૂટી ગયાં;
ધાર્યું અમારું ના થયું,
અણધાર્યું સહું થઈ ગયું;
આંખડી થોડું લડી ત્યાં,
અશ્રુ ઉનાં સહું વહી ગયાં.

---

માનવી [ઉપહાસ]

હું માનવી, માનવ થાઉં તો ઘણું [સુંદરમ?]
હું મા નવી, મા નવ થાઉં તો ઘણું.

---

પ્રીતિ

---

ના કહેવાનું કહેવાઈ ગયું;
હસતાં રમતાં જીવન અમથું
આમ ને આમ જિવાઈ ગયું.

---

રક્ષા

---

રક્ષા જ્યાં મુજ બેનીની;
રક્ષતો રહું હું સદા;
રક્ષાનો તાર સુતરનો;
સુતર તવ જીવન,અલ્વિદા!

---

તો પછી હું.....?

---

દુનિયા ભલે મને નિષ્ઠુર માને;

પ્રીતિ પાંખ નહીં, પરાગ છે;
એ વાણીનો વિરાગ છે;
આંખોની એ માગ છે;
હૃદયનો એ રાગ છે.

---

મિલન

---

આ રેલના પાટા દૂર
કેવા દોડ્યા જાય છે?
દૂર જઈને એ કેવા
ભેગા થાતા જાય છે?

---

હસતા-રમતા

કહેવાનું સહું રહી ગયું;

હું નિષ્ઠુર છું;
જગત તારી શિષ્ટ પ્રણાલિથી
ખરે જ હું દૂર છું;
મારી હૃદયદેવી પણ મને
ના સમજી શકી;
તો બેચેન છું, બેદિલ છું;
નિષ્ઠુર છું, હું ક્રૂર છું.

---

-
-

પ્રેમ પૈસાને

---

સગાં છે,સંબંધ છે;
જન સધન હોય તો;
નથી ના ના નથી કોઈ;
જન જો નિર્ધન હોય તો.

માનવી આ માટીનો લોંદો;
કલાકાર કો' શકે ઘડી;
કોઈ પ્રજાપતિ આવો,
આ માટીનો માનવ તો કરો

---

સહાય વણમાગી

---

જોઈને કવિની નિમગ્નતા દૃ
ભાઈ એક બોલ્યા વદી સ્મિ
'શું લખો છો? કવિતા લખો
નિમગ્નતા ગઈ કવિની મન
આદર્યું અધૂરું રહ્યું,કલમ સ

ને નિબંધ ગયો કવિતામાં ફરી.

———

### જલન

———

પ્યાર એક એવો અગ્નિ છે,
જે સદા બીજાને બાળે છે;
કો' બેને પ્યાર કરતા જોઈ,
કેટ કેટલાં હૈયાં પ્રજાળે છે?

———

### મોટાં ના બનો

———

બહું મોટાં બનો ના કદિ;
મોટાઈમાં ના માલ બહુ છે.
મોટો બન્યો આ જુઓ સમંદર;
એનાં તો ખારાં પાણી બન્યાં છે.

———

### પતન......

ઊંચે ચઢો જો કદિ તમે તો
પતન સદા સામે ઊભું છે;
ઊંચે ચઢેલા આ જલબિંદુને
પડી ધરતીમાં સમાવું પડ્યું છે.

———

### અસીમ તૃષ્ણા

———

ખુદાના ખલ્કની માંહે
રહ્યો છે પ્યાર ચુગોથી;
હજી યે તૃપ્ત ના ઇચ્છા;
કે જીવે છે પ્યાર ચુગોથી.

———

### પૂર્ણ પ્યાર

———

ખુદાને ચાહી તું લેજે;
એનો પ્યાર છે પૂરો;
જો ચાહી શકે ના તો,
ઇશ્ક તારો છે અધૂરો.

———

### ત્યાગ

———

મહેકતું મોંઘું ફૂલ ગુલાબ
કરમાતું તું શીદને આબી
સુખડ જાતે નિત્ય ઘસાઈ;
પ્રસરાવે સુગંધ ગુલાબી.

———

### દયા...

પુષ્પ કેરા અય પ્રેમીઓ!
આ પાંખડી જોતા જજો;
ઇશ્ક ઘેલા આ આદમીની,
આંખોનાં અશ્રુ લોતા જજો.

———

### પ્રેમી નથી ડરતો....

મહોબ્બતનો દીવાનો છું;
હું દુનિયાથી નથી ડરતો;
કરું છું પ્યાર પુષ્પોથી,
હું કંટકથી નથી ડરતો.

———

### તૈયારી પૂરેપૂરી..

મહોબ્બતનો દીવાનો છું;
હું શમાનો પરવાનો છું;
ખબર છે પ્રેમ પતંગાને,
કે હું સળગી જવાનો છું.

———

### અધૂરી તૃષ્ણા

———

પ્રિયે પ્રિયે,તુજ હૃદયની
આગમાં જો બળું હું;
તોયે તારા નયનપટમાં
કાં મને ના ભાળું?
મેં માગ્યું તે મળ્યું ન મુજને,
શોક તેનો જરી ના;
ચાહું હું તો બની કંગન
હસ્ત તારો સુહાવું.

———

### રોજ દિવાળી

———

.

વર્ષ ઢળે ને લોક દિવાળી;
મળતી વર્ષે એક દિવાળી;
સાંજ ઢળેને રંગ ઢળે છે;
મળે મને રોજ દિવાળી.

———

.

### હૂકમ સનમનો.....

મહોબ્બત કહે છે:'રૂક જા';

પણ દિલ કહે છે:'ઝૂક જા'.

---

રક્તનો નિ:શ્વાસ

---

ઘર ઘર કિશોરોને અરે
અન્નની ના આશ છે;
શ્વાસ ના,ઉના  હ્રદયના
રક્ત તણા નિ:શ્વાસ છે.

---

સતત..

હજારો પ્રેમની ક્રીડા અહીં
મેં ખેલાતી દીઠી છે;
હજારો દર્દની પીડા અહીં
મેં રેલાતી દીઠી છે.

ઈશ્વરના જગતનું આ નાટક,
સર્જન જૂનું હોય છતાં;
પ્રેમની ક્રીડા,દર્દની પીડા,
અહીં ના અટકતી દીઠી છે.

---

અટક આગળ વધતી.....

ખોવાયેલી કથા ભલી,
છો સ્વપ્નમાં ના આવતી;
કિંતુ ચિંતા ઉરે છે આટલી;
રખે ત્યાંથી તું ખોવાઈ જતી.

---

સત્ય દર્શન

---

મુકદ્દરમાં તો મારા
હેતના સાગર લખાયા છે;
તો મિત્રોના હેતમાં મેં
સાગરની ખારાશ ભાળી છે;
જીવનનાં કેટલાંયે
સત્યોની મધુરપમાં,
સત્યોની તસ્વીરને જ
મેં વારંવાર ભાળી છે.

---

કૈંક.....

કૈંક એવું રાખજે તું માનવી,
યાદ તુજને જગ કરે;
કૈંક એવું આપજે તું માનવી,
નામ રોશન જગ કરે.

---

ઈશ્વર-નિવાસ

---

વાસ ના ઈશ્વર તણો
જ્યાં વાસના બૂરી હશે;
વાસ ત્યાં ઈશ્વર તણો
જ્યાં વાસના સારી હશે.

---

બકબક ?

મુજ જીવનનો ભર્ગ આજે
તુજ જીવનથી સંકળાય છે;
તુજ જીવનનો અર્ક આજે
મુજ જીવનથી કળાય છે.

---

મહેચ્છા

---

સદા હસતી તને હું આજથી જોવા ચહું;
ગમગીની તારી હું ભાગતી જોવા ચહું;
ખુશાલી તારી, સહચરી મારી બનાવી,
તુજ જીવનને ખુશખુશાલ હું જોવા ચહું.

---

ઈર્ષા

---

સાગર તટે ફરવા ક
ન આવશો મુજ સંગ
મુખચંદ્ર તમારો જોઈ
એ આવી જશે ઉમંગ

---

શું કરી શકે ?

---

મસ્ત આ યૌવન ને
મદીલાં આ નયનો;
લચકતી આ કમર
ફફડતા આ હોઠો;
ધારે તો એ ચાંપે
જામગરી સુરંગે;
ધારે તો અજવાળે

એ જીવનના પંથો.

---

સરળ વિકટ

---

કાજળ કાળી રાત હતી;
સીમો સઘળી શાંત હતી;
વસમી વનની વાટ હતી;
આગિયાની વણઝાર હતી.

---

એક મીટ

---

કો' કન્યાના ભાલને ટીલડી સમી
એક નાવ રહી દરિયે સરકી;
એના હૈયાના જંપ અજંપ મૂકી,
એક તારક ધ્રુવે એ રહી તાકી.

---

..
નિર્વસ્ત્ર ભિખારીને જોઈને..

---

ચોગમ ફરતી ધરતી તારું
કેવું રૂપાળું બિસ્તર છે?
અદ્રશ્ય આ વાયુનું તારું
કેવું રૂપાળું વસ્ત્ર છે?
ને પ્રભુની આ મૂર્તિને
વંદન હજારો વાર છે;
ધન્ય માનવ,
તારી જ આ નિર્વસ્ત્ર મૂર્તિને
અહીં ધિક્કારો હજાર છે.

---

ક્ષમા કરજો.........
ક્ષમા કરજો કંઈ
બેઅદબી થાયતો;
અંતર મારું ઉકેલી વાંચજ
લખ્યું છે રક્તથી મારા ં
'સદા મારું બૂરું થાજો;
સદા સહુનું ભલું થાજો.'

---

માનવ બનું

---

મોંઘી માનવતા!
તને થઈ અર્પણ,
સહજ માનવ બનું.

---

ઘેલછા

---

હું નજદીક આવું છું,
તમે દૂર જાવો છો;
જીવનની દડમજલમાં
નિરાશાઓ લંબાવો છો.
પાસે ના બેસો,કંઈ નહીં;
જરા દૂરથી તો જોવા દો,
તમારા રૂપની ઈંદ્રજાળમાં
મને જરા તો ફસાવા દો.

---

-
-

---

શ્રદ્ધા

---

વીજળીના દીવામાં છે મને શ્રદ્ધા;
ચાંપ દાબો ને સેવામાં હાજર છે.
વીજના ઝબકારે,ના જરી શ્રદ્ધા;
ક્ષણમાં ઝબકી તરત ફરાર છે.

---

જીવન અને પતંગ

---

ઊંચે આભે તું વિસ્તરતો'તો,
પાંખ પ્રસારી તું ચોગમ ફરતે
પણ જ્યાં દોર કપાયો કે
તું અડવડિયાં ખાતો'તો;
ધરતીનાં છોરુંની વચ્ચે,
ચરર ચરર ચિરાતો'તો.
જીવન તારું જોઈ
મનમાં કંઈ કંઈ થાતું'તું;
દોર તૂટ્યો જ્યાં સાથ તણો કે
સહુનું આવું થાતું'તું.

---

મુશ્કેલ કામ

---

આ સંસારે સ્વારથ કાજે
માનવ મથતાં એ તો સહેલ;
ચંદન સમ પરકાજ ઘસાવું
એજ ખરેખર છે મુશ્કેલ.

---

શિરછત્ર?

---

મેં ચાહી દુનિયાની મૈત્રી;
મેં દીધી દુનિયાને મૈત્રી;
દુ:ખનાં વાદળ રેલ્યાં જ્યારે,
ધરી ના કો'એ શિરે છત્રી.

---

દર્દે-જિગર

---

તને દિલમાં કંઈ થાશે;
અને તુંતો કહે છે કે
મને કંઈ પણ નથી થાતું;
નહોતું મેં કદિ જાણ્યું કે
તું દિલ ના કદિ ધરશે.

---

ખુદાને કહા 'કુન'
તો જહાન બન ગયા;
મહોબ્બતને કહા 'કુન'
તો તાજમહાલ બન ગયા.
(કુન=હો જા)

---

તમારા જિગરમાં તો દર્દ છે;
અમારા દર્દમાં યે જિગર છે.

---

ફટ રે ભૂંડા...!
આ સાથી અમારો આજ,
સહુથી પહેલો જુદો થાય છે;
અમને સહુને પાછળ મૂકી
જુઓ કેવો આગળ જાય છે!
ફટ રે ભૂંડા નહોતું જાણ્યું,
તું હોઈશ આવો સહેલાણી?
કે મરતાં મરતાં પણ અમારી
કાંધે ચઢીને તું કેવો જાય છે.!

---

દીપક નામે છોકરો.....
જીવનમાં આજ મેં મારા
નવી એક વાત જાણી છે;
પ્યારો છે પતંગ દીપકને,
ના એ વાત કંઈ છાની છે.
પતંગ કાજે ઝઘડતો આજ
મેં દીપકને દીઠો છે;
મળ્યો જ્યારે મેં જોયું તો
પતંગની પાંખ તાણી છે.

---

ધારણા ખોટી..

---

પ્રથમ ચુંબન, પ્રથમ ઉષ્મા,
જીવનની કંઈ ભેટ ધરશે;
અરે જાલિમ મેં ધાર્યું'તું,

**If you want to comment and observe on the above writings,I invite you to address me at the follow email id:**

**pravinkshah@indiatimes.com**

**Shah Pravinchandra Kasturchand**